## બનાસકાંઠા જિલ્લાના ટેટોડા ગૌશાળા સહિત જિલ્લાની ગૌશાળામાંથી

# ગૌ શાળાના સંચાલકોએ ગાયોને છોડી મુકતા તંત્ર દોડતું થયું

કોરોનાવાયરસ નામ ની મહામારી થી લોકોની સાથે સાથે અબોલ પશુઓ પણ ત્રાહિમામ પોકારી ઉઠયા છે અને અબોલ પશુઓ નું પણ જીવન ગુજારો ખૂબ જ મુશ્કેલ બની રહ્યો છે લોકડાઉન



ની શરૂઆતમાં તો તંત્ર દ્વારા ગૌશાળા ને એક ગાય દીઠ ૨૫ રૂપિયા દૈનિક ભથ્થું આપવામાં આવતું હતું પરંતુ આ ૨૫ રૂપિયા માત્ર બે મહિના સુધી જ આપવામાં આવ્યા અને તે બાદ ૨૫ રૂપિયા બંધ કરી દેતાં ગૌ શાળાના સંચાલકોને ગૌશાળા ચલાવવી ખૂબ જ મુશ્કેલ બની ગઈ હતી જેથી કરીને ગૌ શાળાના સંચાલકો દ્વારા ગૌશાળા ને સહાય મળે તે માટે તંત્રને વારંવાર રજુઆત કરવામાં આવી હતી તેમ છતાં ગૌશાળાના સંચાલકોનું માંગ ન સંતોષાતાં આજે બનાસકાંઠા જિલ્લાની ટેટોડા ગૌશાળા સહિતની મોટાભાગની શાળાઓએ ગૌશાળાની ગાયો ને રસ્તા પર ખુલ્લી મુકી દીધી હતી ગૌ શાળાના સંચાલકો દ્વારા ગાયોની છોડી મુકતા તંત્ર દોડતું થયું હતું અને ગાયોપાછળ પોલીસ દોડતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા તો બીજી તરફ તંત્રની મહેનત થી તમામ ગાયોને તો ફરીથી ગૌશાળામાં વાળવામાં આવી હતી પરંતુ આ ગૌશાળા ઓએ કેટલાક ક્ષેત્રોમાં નુકસાન પહોંચાડ્યું છે વાત છે કે ટેટોડા ગૌશાળા ના બાજુમાં આવેલા ખેતરમાં તમામ ગાયો ઘુસી જતા બાજરીના ઉભા પાકમાં ગાયો ફરી વળી હતી જેથી કરીને ખેડૂતોને પણ મોટું નુકસાન વેઠવાનો વારો આવે છેગૌ શાળાના સંચાલકોએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતુ. લોકડાઉનમાં ગયો માટે ગૌશાળામાં આવતું તમામ પ્રકારનું દાન અત્યારે બંધ થઈ ગયું છે અને ગૌશાળામાં દાન ના આવતા ગાયોનું ગુજરાત ચલાવવુંઅમારા માટે ખૂબ જ મુશ્કેલ બની ગયું છે અમે ગાયો ને માત્ર ૨૫ ટકા જ ઘાસચારો આપે છે પહેલા દિવસ માંર થી ૫ ગાયો મોતને ભેટી હતી પરંતુ અત્યારે પૂરતા પ્રમાણમાં ઘાસ ન મળતા દરરોજની ૩૦થી પણ વધુ ગાયો મોતને ભેટી રહી છે ત્યારે અમારી સરકારને માગણી છે કે સરકારમરતી ગયો ને બચાવે અને અમારી માંગ સંતોષવામાં આવે

# બનાસકાંઠાની ગૌશાળા પાંજરાપોળોનું આંદોલન દિવસેને દિવસે ઉગ્ર બને છે





અબોલ જીવોની સહાયને લઈને સમગ્ર જિલ્લામાં આંદોલન ઉગ્ર બની રહ્યું છે જેમાં તાલુકાની વિવિધ ગૌશાળાઓમાંથી ગાયો સરકારી કચેરીઓમાં છોડી મુકવામાં આવી રહી છે અને સરકારને ભીંસમાં લેવા માટે બીજા ત્રીજા દિવસે પણ સંચાલકોએ ગાયોને રોડ પર છોડી રસ્તો બ્લોક કર્યા હતા. જેમાં ડીસા તાલુકાની ગૌશાળાએ ભીલડી નેશનલ હાઈવે બ્લોક કર્યો હતો ત્યારબાદ રાજપુર ડીસા પાંજરાપોળ, કાંટના પશુઓ બહાર કાઢવા જતા ઘર્ષણ થયું જેમાં પોલીસ અને ભરતભાઈ કોઠારી વચ્ચે પાંજરાપોળનો ગેટ ખોલવા બાબતે ઝપાઝપી પણ થવા પામી હતી અને પોલીસે ફરીથી પશુઓને પાછા વાળી ગેટ બંધ કરાવ્યા પરંતુ સંચાલકોએ સરકાર જ્યારે સુધી સહાય નહિ ચૂકવે આંદોલન ચાલુ રાખવા ચીમકી આપી હતી.

## બનાસકાંઠાના ગૌ શાળા સંચાલકોએ ગાયોને ઓફિસોમાં છોડી મુકવાની ચિમકી ઉચ્ચારી

### પાલનપુર કલેક્ટર કચેરી આગળ ધરણા કર્યા

પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના ગૌ શાળાના સંચાલકોને ગાયોના નિભાવ માટે સહાય પેકેજ ચૂકવવામાં આવે તેવી માંગ સાથે સોમવારે પાલનપુર કલેક્ટર કચેરી સામેના બગીચામાં ધરણા કર્યા હતા. અને કોરાના મહામારી દરમ્યાન આ સહાય પેકેજ ચુકવવામાં આવે તેવી માગ કરી જો સરકાર દ્વારા કોઈ યોગ્ય નિર્ણય કરવામાં નહીં આવે તો આગામી સમયમાં ગાયોને જાહેર રોડ ઉપર તેમજ સરકારી ઓફિસો માં છોડી મુકવાની ચિમકી ઉચ્ચારવામાં આવી હતી.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસના કહેર વચ્ચે ચોમાસામાં પડેલા વરસાદથી ઘાસચારાને વ્યાપક નુકસાન થયું છે. બીજી તરફ સરકાર દ્વારા પણ કોઈ સહાય આપવામાં આવી ન હોઈ આવી સ્થતિમાં જિલ્લાની ગૌ શાળાઓમાં પશુઓનો નિભાવ કરવો મુશ્કેલ બની ગયો છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના ગૌ શાળાના સંચાલકોને ગાયોના નિભાવ માટે સહાય પેકેજ ચૂકવવામાં આવે તેવી માંગ સાથે સોમવારે પાલનપુર કલેક્ટર કચેરી સામેના બગીચામાં ધરણા કર્યા હતા.

આ અંગે ગૌશાળા સંચાલક ભરતભાઈ કોઠારીએ જણાવ્યું હતું કે, કોરાના મહામારી દરમ્યાન આ સહાય પેકેજ ચુકવવામાં આવે તેવી માગ છે. જો સરકાર દ્વારા કોઈ યોગ્ય નિર્ણય કરવામાં નહીં આવે તો આગામી સમયમાં ગાયોને જાહેર રોડ ઉપર તેમજ સરકારી ઓફિસોમાં છોડી મુકવાની ચિમકી ઉચ્ચારવામાં આવી હતી.

## તલોદ પાલિકાના અધ્યક્ષ તરીકે અશોકભાઈ શાહની નિમણુંક

તલોદ, તા. ૧૦

તલોદ પાલિકાના હોલમાં કારોબારીની જનરલ સભા ગુરૂવારે યોજવામાં આવી હતી. જેમાં કોંગ્રેસ અને ભાજપના મળી કુલ ૨૩ જેટલા સભ્યો હાજર રહ્યા હતા જેમાં ભાજપના અશોકભાઈ વાડીભાઈ શાહની કારોબારી અધ્યક્ષ તરીકે સર્વાનુમતે બિનહરિફ વરણી કરવામાં આવી હતી. આ નિમણુંક ચિફ ઓફીસર રામાનુજની હાજરીમાં કરવામાં આવી હતી.



પાલિકાની મળેલી જનરલ આ સભામાં એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો જેમાં સમગ્ર વહિવટી કામગીરી અને કર્મચારીઓ ઉપરની દેખરેખ તેમજ વિવિધ વિકાસ અને પ્રજાલક્ષી કામગીરી માટે સંકલન સમિતિની રચના પણ કરવામાં આવી હતી જેમાં ચેરમેન તરીકે રંજનબહેન દામોદરભાઈ પટેલ, પ્રમુખ તરીકે ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર અને ઉપ પ્રમુખ તરીકે હિતેશભાઈ પટેલ, મહામંત્રી તરીકે દામોદરભાઈ પટેલની નિમણુંક સર્વાનુમતે પણ કરવામાં આવી હતી.

## બનાસકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન - મેનેજર સહિત ત્રણ સામે ફરિયાદ

બનાસકાંઠા જીલ્લા ખરીદ-વેચાણ સંઘના સત્તાધિશો વિરૂધ્ધ ફરીયાદ દાખલ થઈ છે. ખુદ ડીરેક્ટરે સંઘના ચેરમેન-મેનેજર અને પૂર્વ ચેરમેન વિરૂધ્ધ પાલનપુર પૂર્વ પોલીસ મથકે ગુનો દાખલ કરાવતાં ખળભળાટ મચી ગયો છે. આવનારી ચૂંટણીમાં ખોટો લાભ લેવાના ઈરાદે ૯૦ મંડળી સભાસદો ગેરકાયદેસર રીતે દાખલ કર્યા હોવાની પોલીસ ફરીયાદ થતાં પંથકમાં હડકંપ મચી ગયો છે.

ધી બનાસકાંઠા જીલ્લા ખરીદ-વેચાણ સંઘના ડીરેક્ટર કાળુભાઈ રામજીભાઈ પટેલે ફરીયાદ દાખલ કરાવી છે. જેમાં સંઘના મેનેજર નાગરભાઈ હીરાભાઈ પટેલ, હાલના ચેરમેન દેવજીભાઈ પ્રેમાભાઈ પટેલ તેમજ પૂર્વ ચેરમેન મેઘરાજભાઈ ગલબાભાઈ પટેલ વિરૂધ્ધ ગુનો દાખલ કરાવ્યો છે. ફરીયાદમાં જણાવ્યા મુજબ આ ત્રણેય સત્તાધિશોએ ભેગા મળી ધી બનાસકાંઠા જીલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘની ૨૦૨૦-૨૧માં યોજાનાર ચૂંટણીમાં લાભ લેવાના ઈરાદાથી બનાવટી ઠરાવ દ્વારા નવિન ૯૦ મંડળીઓને દાખલ કરી હતી. જેમાં સભાસદ મંડળીઓ દાખલ કરવા ખોટું રેકર્ડ બનાવી અસલ રેકર્ડનો દુરૂપયોગ કરી બનાવટી દસ્તાવેજો ઉભા કર્યા હોવાનું લખાવતાં ચકચાર મચી ગઈ છે.

જીલ્લા સંઘના ચેરમેન-મેનેજર અને પૂર્વ ચેરમેન સાથે ફરીયાદીએ રજીસ્ટ્રારની કચેરીની ભૂમિકા બતાવી છે. જેમાં આ ત્રણેય ઈસમોએ બનાવટી રેકર્ડ આધારે રોજમેળ અને વાર્ષિક હીસાબોમાં છેડછાડ કરી સંચાલક મંડળની જાણ બહાર મતદારો ઉમેરી દીધા હતા. આ પછી જીલ્લા રજીસ્ટ્રારની કચેરી તથા ચૂંટણી અધિકારી(નાયબ કલેક્ટર-પાલનપુર)નાઓ દ્વારા ચૂંટણીની કામચલાઉ મતદાર યાદી બહાર પડી હતી. જેમાં ખોટી મતદાર યાદીને ખરી તરીકે રજૂ કરી ચૂંટણીમાં પોતાનો લાભ મેળવવા ત્રણેય ઈસમોએ ગુનાહિત કાવતરૂ રચી ગુનો કર્યો હોવાની ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે.

## ...ભ્રષ્ટ અધિકારીને ચાર જિલ્લાઓનો હવાલો સોંપાયો

હિંમતનગર, તા. ૧૦

ભ્રષ્ટ આશ્રમશાળા અધિકારી બાબુભાઈ ચૌધરી સામે ખાતાકીય તપાસ ચાલુ હોવા છતાં તેને અન્ય ચાર જિલ્લાની કચેરીઓનો વધારાનો હવાલો સોંપવામાં આવતા આદિજાતિ વિભાગની રીતિનીતિ સામે વિરોધ જોવા મળી રહ્યો છે.

આશ્રમશાળા અધિકારી બાબુભાઈ એફ. ચૌધરી, આશ્રમશાળા અધિકારી ગાંધીનગર, આશ્રમશાળા અધિકારી ખેડબ્રહ્મા, મદદનિશ કમિશનર પાલનપુર અને મદદનિશ કમિશનર હિંમતનગરની કચેરીઓનો વધારાનો ચાર્જ આપવામાં આવ્યો છે.

આજ અધિકારી દ્વારા અગાઉ સરકારી પાઠ્યપુસ્તકો બારોબાર ટ્રકો દ્વારા વેચી મારવામાં આવતા લાખો રૂપિયાનો ગાટોળો કરતા તેની તપાસ ચાલુ જ છે. અગાઉ ખેડબ્રહ્મા ખાતે હતા ત્યારે આશ્રમશાળાની શિક્ષિકા સાથે દુર્વ્યહાર કરતા પોલીસ કેસ થયો હતો.

સાબરકાંઠા જિલ્લાની અભાપુર આશ્રમશાળાની એક કરોડની વાર્ષિક નિરિક્ષણ ગ્રાન્ટમાં ૨૫ ટકાની લેતીદેતી તથા એક બીજાના મેળાપીપળા હેઠળ સંસ્થાની જાણ બહાર ચૂકવી આપવા સરકારમાં મોકલી આપતાં સંસ્થાએ ખાતાને તથા તકેદારી આયુક્ત ગાંધીનગર અને લાંચરૂશ્વત બ્યુરો શાહીબાગને જાણ કરતાં ખાતાની ખાતાકિય તપાસ સોંપવામાં આવી છે. તે હાલમાં ચાલુ જ છે. આમ આ અધિકારી સામે ખાતાકિય તપાસ ચાલુ હોવા છતાં તે જ જિલ્લાના મદદનિશ કમિશનર તરીકેનો ચાર્જ આપવામાં આવ્યો છે. તેઓના ઉપર ચાલતા કોર્ટ કેસ તથા ખાતાકિય તપાસ ઉપર મોટી અસર પડે તેમ હોઈ આવા અધિકારીને ચાર-ચાર કચેરીઓનો અને તેમાંય સાબરકાંઠા જિલ્લાનો ચાર્જ આપવાથી આદિજાતિ બાલકો, સંસ્થાઓ અને સરકારને મોટુ નુકશાન થાય તેમ છે.

## બનાસકાંઠામાં કોરોનાના ૧૦ પોઝિટિવ કેસ

બનાસકાંઠા જિલ્લામાં મંગળવારે કોરોનાના વધુ ૧૦ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૨૬૫ પહોંચી ગઈ છે. બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. જ્યાં સોમવારે વધુ ૧૦ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૨૬૫ પહોંચી ગઈ છે. આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, પાલનપુર ૮, અમીરગઢ ૧ અને દાંતીવાડામાં ૧ મળી કુલ ૮ પોઝિટિવ કેસ નોંધાયા હતા. ઉલ્લેખનીય છે કે, પાલનપુરમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાએ પુનઃ માથું ઊંચક્યું હોઈ પ્રજાજનોમાં ફફડાટ પ્રસરી ગયો છે.



### ડીસા ટ્રાફિક પોલીસે દંડ વસુલ્યો

કોરોના મહામારી વચ્ચે માર્ગ અકસ્માત અટકાવવા સરકાર દ્વારા રાજ્યભરમાં સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ખાસ કરીને હેલ્મેટ, માસ્ક સહિતની સરકારની ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકો પાસેથી સ્થળ ઉપર જ દંડ વસુલવામાં આવે છે જેના ભાગરૂપે ડીસા શહેર ટ્રાફિક શાખાના ઈન્ચાર્જ પી.એસ. આઈ. ડી. આર. પારગી તથા સ્ટાફ દ્વારા નાકાબંધી ગોઠવી હેલ્મેટ વગરના ૭૧ વાહન ચાલકો પાસેથી રૂ. ૩૫,૫૦૦ તથા સીટ બેલ્ટ ન બાંધનાર ૨૨ વાહન ચાલકો પાસેથી રૂ. ૧૧,૦૦૦ મળી કુલ રૂ. ૪૬,૫૦૦ નો દંડ સ્થળ ઉપર જ વસુલ કર્યો હતો તેમજ ૫ વાહન પણ ડિટેઈન કર્યા હતા. પોલીસની કડકાઈથી વાહન ચાલકો ફફડી ઉઠ્યા હતા.

## પાલનપુરના યુવકની હત્યાનો ભેદ ઉકેલનાર પોલીસનું સન્માન

પાલનપુરના એક યુવકનો તાજેતરમાં હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. જેનો ભેદ ઉકેલી આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દેનાર પશ્ચિમ પોલીસ મથકના પીઆઈ સહિત સ્ટાફનું સન્માન કરાયું હતું. પાલનપુરના મોચી સમાજના યુવક ધ્રુવ લલીતકુમાર મકવાણાની હત્યાના કેસમાં કેસનું કારણ તથા આરોપીઓને ઝડપી તેમને ન્યાયના કઠેડામાં લાવવા બદલ સમગ્ર મોચી સમાજ વતી કલ્પેશ બાબુલાલ પરમાર અને ભાવેશ ડાહયાલાલ પરમાર દ્વારા પશ્ચિમ પોલીસ મથકના પીઆઈ આર. કે. સોલંકી સહિત સ્ટાફને સન્માનપત્ર અપાયું હતું.

## પાલનપુરના યુવાનોએ ફાળો એકત્ર કરી બ્રેઈન ટ્યુમરથી પીડાતી દીકરીનો જીવ બચાવ્યો

### સોશિયલ મીડિયાના માધ્યમથી નાણાં એકત્ર કર્યા

અંબાજી અને હાલ ડીસા ખાતે રહેતા ઠાકોર પરિવારની દીકરી બ્રેઈન ટ્યુમરની બિમારીથી પીડાતી હતી. જોકે, આર્થિક સંકડામણ હોઈ ઓપરેશન કરી શકતા ન હતા. ત્યારે પાલનપુરના સેવાભાવી યુવાનોએ સોશિયલ મીડીયાના સદુપયોગ થકી ફાળો એકત્ર કરી દીકરીનો જીવ બચાવ્યો છે.

અંબાજીના વતની અને હાલ ડીસા ખાતે રહેતી ઠાકોર પરિવારની દીકરી છેલ્લા ૧૫ દિવસ થી પાલનપુર શહેરમાં આવેલ માવજત હોસ્પિટલ ખાતે દાખલ હતી. જે દીકરીબ્રેઈન ટ્યુમરની બીમારીથી પીડાતી હતી. અને ઓપરેશન કરવાનું હતું. પરંતુ પરિવારની આર્થિક પરિસ્થિતિ સારી ન હતી.



જેને લઈ છેલ્લા ૧૫ દિવસનું હોસ્પિટલનું બિલ અને દવાનું બિલ બાકી હતું. અને ઓપરેશનનો ખર્ચ પણ ઉઠાવી શકે એમ ન હતો. અને જો ઓપરેશન સમયસર ન થાય તો દીકરીનો જીવ જોખમ માં મુકાય એમ હતો. ત્યારે આ વાતની જાણ પાલનપુરના સેવાભાવી યુવાનો સાગર જાની, રવિ સોની અને દેવેન્દ્ર આચાર્યને થતા તેમણે માવજત હોસ્પિટલના ડોકટર સાથે સંપર્ક કરી અને દીકરીના ઓપરેશનનો તમામ ખર્ચ ઉપાડવાની ખાત્રી આપી અને ઓપરેશન કરવાનું કહ્યું હતું. ત્યારબાદ આ સેવાભાવી યુવાનોએ પોતાના ફેસબુક એકાઉન્ટ માંથી લાઈવ થઈ ને દીકરી નો જીવ બચાવવા માટે એક પહેલ કરી અને જોતજોતામાં માત્ર બે દિવસમાં જ દીકરીના ઓપરેશન નો ખર્ચ એકઠો કરી અને દીકરી નો જીવ બચાવી માનવતા નું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું છે. આ ઉપરાંત દીકરીના પરિવારને આ યુવાનો દ્વારા રોજેરોજ ફ્રૂટ, દૂધ જેવી ચીજવસ્તુઓ તેમજ ઓપરેશનો ખર્ચ ચૂકવ્યા બાદ નાણાં વધશે તો એ નાણાં માંથી પરિવાર ને રાશન કીટ આપવાનું નક્કી કર્યું છે.

## પશુપાલન થકી બનાસની બહેનો એક-એક કરોડની કમાણી કરે છે



પાલનપુર, તા. ૧૦

બિહારમાં પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનાનો ૨૧ રાજ્યોમાં શુભારંભ કાર્યક્રમ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બનાસકાંઠા જિલ્લાની બનાસ ડેરી સાથે જોડાયેલી ૧૦ મહિલાઓની કરોડની કમાણીનું ઉદાહરણ આપતા જિલ્લામાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે મહેનત કરીને કમાણી કરતી બહેનોમાં ગૌરવ અને આનંદની લાગણી છવાઈ છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તેમના સંવાદમાં જણાવ્યું હતું કે ગુજરાતની બનાસ ડેરીની ૧૦ બહેનો કે જેઓ ગામડાની ખેડૂત પરિવારની ઓછું ભણેલી બહેનો છે પરંતુ તેઓ એક એક કરોડ રૂપિયાનો દૂધનો કારોબાર કરે છે તેમણે ઉમેર્યું કે તમે બનાસ, સાબર કે અમૂલ ડેરીની વેબસાઈટ પર જોશો તો તમને ઘણી બધી બહેનોના પરાક્રમની જાણકારી મળશે.

બિહારના પશુપાલકો માટેના લાઈવ ઉદબોધન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બનાસકાંઠાની મહિલાઓના ઉદ્યમી સ્વભાવ અને તેમની મહેનત દ્વારા મેળવેલી કરોડોની કમાણીનું ઉદાહરણ આપીને તેમાંથી પ્રેરણા લેવાનું જણાવ્યું હતું. બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ બનાસકાંઠા જિલ્લાની મહેનતુ બહેનો દ્વારા મેળવેલી સિદ્ધિ મોદી સરકારની પશુપાલકો લક્ષી નીતિ તેમજ સતત માર્ગદર્શનનું પરિણામ હોવાનું જણાવીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો જિલ્લાના પશુપાલકો અને દૂધ ઉત્પાદકો વતી આભાર વ્યક્ત કર્યો હતો.



## ધાનેરા પોલીસે મોટર સાઈકલ ચોરીનો ભેદ ઉકેલ્યો

ધાનેરા પોલીસ ઈન્સ્પેકટર તથા તેમના સ્ટાફ દ્વારા વાહન ચોર સામે લાલ આંખ કરી છે પોલીસ વિભાગના માણસો વાહન ચેકિંગમાં હતા તે દરમિયાન બાતમી હકીકતના આધારે અગ્રવાલ ત્રણ રસ્તા પાસેથી દિનેશભાઈ રામાભાઈ વાલ્મિકી રહે લુદરાની તાલુકો વાવ વાળાને પકડીને પૂછપરછ દરમિયાન તેને ત્રણ દિવસ પહેલા મધુસુદન માર્કેટ પાસેથી બાઈક ચોરી કરી હોવાની કબુલાત કરી હતી.